ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૩૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૩૨ ટકા

# ગાંધીનગરમાં મોદી ફેસ્ટ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન

## ભવિષ્યનું ભારત અંગે પ્રજાએ પોતાના વિચારો-અભિપ્રાયો પોસ્ટ કાર્ડમાં લખીને વ્યક્ત કર્યા

ગાંધીનગર, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકારે ત્રણ વર્ષના શાસનમાં કેન્દ્ર સરકારે ગ્રામીણ ગરીબો સહિતની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અને તેના અમલીકરણ દ્વારા પ્રજાલક્ષી નિર્ણયોથી આમ પ્રજા માહિતગાર થાય તેવા હેતુથી ગાંધીનગરમાં યોજાયેલ મોદી ફેસ્ટ પ્રદર્શનનું ટાઉનહોલ ખાતેના મેદાનમાં મહિલા અને બાળ કલ્યાણમંત્રી શ્રીમતિ ડો.નિર્મલાબેન વાધવાણીએ ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે શ્રેષ્ઠ ભારતના નિર્માણ માટે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની ઉપલબ્ધિથી પ્રજામાં વધુ પ્રચાર-પ્રસાર થાય તે માટે અતિ મહત્વના





આ પ્રદર્શનનું આયોજન કર્યું છે. મહિલાઓ અને ગ્રામીણ ગરીબો માટે સુરક્ષા-સલામતિ, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વાવલંબનની દિશામાં અનેક નિર્ણયો કર્યા છે.

ગાંધીનગરમાં ત્રણ દિવસ યોજાયેલ મોદી ફેસ્ટ પ્રદર્શનનો લાભ લોકો વધુ સંખ્યામાં લઈ કેન્દ્ર સરકારની ત્રણ વર્ષની ઉપ્લબ્ધિ અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અને રાજ્ય સરકારની યોજનાઓના કાર્યક્રમોમાં પ્રજાની લોક ભાગીદારી વધે અને નવા ભારતના નિર્માણ કાર્યક્રમમાં યોગદાન આપે એવી અપીલ કરી હતી.

આ પ્રસંગે ભવિષ્યનું ભારત એ વિષય પર પ્રજાના અભિપ્રાયો માટે પોસ્ટ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીઓ અને ગાંધીનગરના શહેરીજનોએ ટુંકમાં પોતાના વિચારો અને અભિપ્રાયો લખીને પરત કર્યા હતા. જે તમામ પોસ્ટકાર્ડ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને મોકલવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગર પાલિકાના પ્રમુખ પ્રવીણ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, પૂર્વમંત્રી વાડીભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, પ્રભારી સચિવ સંજીવકુમાર, મ્યુનિસીપલ કમિશનર ડી.એન. મોદી, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ સહિત વિશાળ સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતા.

### @ગાંધીનગર

● દિલીપ ભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ પ્લોટ નં. ૧૧૨૨ સ્વસ્તિક સોસાયટી, સે-૨૭ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

### વાતવાતમાં

● પથિકાશ્રમ ખાતે એક રાજકીય હોર્ડીંગ્સ નગરમાં ચર્ચાનો મુદ્દો બન્યું છે. જેમાં કોંગ્રેસની બેવડી રાજનીતીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

● ગ્રામસભા અભિયાનને પગલે જિલ્લાની કચેરીઓમાં હવે અધિકારીઓ મળતા ન હોવાથી મુલાકાતીઓમાં નારાજગી જોવા મળે છે.

● ૧૭મીએ રાજયના આદિવાસી સરપંચોનું એક વિશેષ સંમેલન મહાત્મા મંદિર ખાતે યોજાશે. જેમાં આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંગેની વિસ્તૃત સમજ પંચાયતી રાજના આ પદાધિકારીઓને આપવામાં આવશે.

● ગુડા વિસ્તારમાં રાયસણ નજીકની વસાહતોમાં બી.યુ. પરમીશન અપાઈ ગયા પછી રસ્તાની સુવિધાઓથી વસાહતીઓ વંચિત રહેતા વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે. આ મુદ્દે વારંવારની રજુઆતો પછી પણ ઉકેલ આવ્યો ન હોવાથી રોષ તીવ્ર બન્યો છે.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૫મી જૂને ‘વિશ્વ પર્યાવરણ દિન’ની ઉજવણી

ગાંધીનગર, તા. ૨

વિશ્વના ૧૪૩થી વધુ દેશો ૫મી જૂન ‘વિશ્વ પર્યાવરણ દિન’ તરીકે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને ઉજવે છે. પર્યાવરણનું વધતુ જતુ પ્રદુષણ એ વિશ્વની સૌથી મોટી સમસ્યા છે. પર્યાવરણના પ્રદુષણને કારણે વધતી જતી ગરમી, કલાયમેન્ટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓનો સામનો આપણે કરી રહ્યા છીએ. આ સમસ્યાઓને કારણે પૃથ્વી પર વસતા સજીવોનું જીવન મુશ્કેલી ભર્યું બન્યું છે.

દર વર્ષે આ દિવસની ઉજવણી જુદા જુદા થીમ આધારિત કરવામાં આવે છે. આ વર્ષનો વિષય પ્રકૃતિ સાથે લોકોનું સાંનિધ્ય કેળવીએ (કનેકટીંગ પીપલ ટુ નેચર) જાહેર કરવામાં આવ્યો છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ આ દિવસની ઉજવણી નિમિત્તે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના સહયોગથી તા. ૫-૬-૨૦૧૭ના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન નિબંધ લેખન સ્પર્ધા, ફિલ્મ શો અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

નિબંધ સ્પર્ધા માટે ધો-૫ થી ધો-૮ ‘એ’ ગ્રુપ અને ધો-૯ થી ધો-૧૨ ‘બી’ ગ્રુપ એમ બે ગ્રુપ રાખવામાં આવ્યા છે. નિબંધ સ્પર્ધાનો વિષય ‘બદલાતા જતા પર્યાવરણની માનવજીવન પર અસરો’ રાખવામાં આવેલ છે. નિબંધ સ્પર્ધામાં વિજેતાઓને અનુક્રમે રૂ. ૫૦૦, રૂ. ૩૦૦ અને રૂ. ૨૦૦ રોકડ પુરસ્કાર રૂપે અને પ્રમાણપત્ર આપવામાં આવશે. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવશે.

આ ઉપરાંત પર્યાવરણ આધારીત ડોકયુમેન્ટ્રી ફિલ્મ પણ બતાડવામાં આવશે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પ્રાદેશિક કચેરી, ગાંધીનગરના અધિકારીઓ અને વિદ્યાર્થીઓના હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તથા કાર્યક્રમમાં ભાગ લેવા માટે તા. ૪-૬-૨૦૧૭ સુધીમાં ફોન નં. ૨૩૨૩૫૨૧૫ અથવા મો.નં. ૯૪૨૬૪૫૧૧૦૨ અથવા ૯૦૯૯૩ ૮૨૯૩૬ પર સંપર્ક કરવા નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જણાવાયું છે.

### સેકટર-૪ના સરકારી બગીચાની દુર્દશા અટકાવવા ઉગ્ર રજુઆત

ગાંધીનગર, તા. ૨

સેકટર-૪ના સરકારી બગીચાની દુર્દશા થતી અટકાવવા માટે મહાનગર પાલિકાના નગરસેવક પ્રવિણાબેન વોરાએ ઉગ્ર રજુઆત સત્તાવાળાઓ સમક્ષ કરેલ છે.

બગીચામાં વડીલો, સીનીયર સીટીઝન્સ વહેલી સવારે યોગ કરે છે તેમને ઘણી જ મુશ્કેલીઓ પડી રહી છે. જેઓએ મ્યુનિસિપલ કાઉન્સિલ પ્રવિણાબેન વોરા સમક્ષ રજુઆત કરેલ છે.

બગીચામાં ફેન્સીંગ તુટી ગયેલ છે. દરવાજા ખુલ્લા રહે છે. ઢોરો-ગાયો બગીચામાં અડ્ડા જમાવે છે. બગીચામાં માળી નથી. ઉપરોકત રજુઆતોનો યોગ્ય નિકાલ નહિ મળે તો સિનિયિર સિટિઝન જનઆંદોલન કરશે.

## ઈસનપુર મોટા ગામમાં વરલી મટકાનો જુગાર રમાડતા બે શખ્સ પકડાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક ઈસનપુર મોટા ગામમાં આજે બપોરના અરસામાં વરલી મટકાનો જુગાર રમાડાઈ રહ્યો હોવાની માહિતી ચિલોડા પોલિસને મળતા ટીમે દરોડો પાડયો હતો. ચાની કીટલી પાસે વરલી મટકાનો જુગાર રમાડી રહેલા બે શખ્સોની ધરપકડ કરી લઈ ચિલોડા પોલિસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા પાસે આવેલા ઈસનપુર મોટા ગામની સીમમાં એક ચાની કીટલી નજીક વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલાને મળી હતી. પી.આઈ.ની સુચનાથી બપોરે સાડા અગિયાર વાગ્યાના અરસામાં તેમની ટીમે બાતમી વાળા સ્થળે દરોડો પાડી ચિલોડા પોલિસે વરલી મટકાનો જુગાર રમાડી રહેલા બે શખ્સોને વરલી મટકાના આંકડા સહિતના સાહિત્ય સાથે પકડી પાડયા હતા. રૂ. ૨૫૩૦ રોકડ તથા સાહિત્ય જપ્ત કરી ચિલોડા પોલિસે ઈસનપુર મોટા ગામના રમેશ પુંજા રાવળ અને અરજણ રાવળ મળી બે શખ્સોની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સેકટર-૭-ડીમાં રહેતા તેજસ્વી તારલાઓ જોગ

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડીના સભ્યોના સંતાન-પૌત્ર-પૌત્રી જેઓએ ધો-૧ થી ૯ અને ધો-૧૦ તથા ધો-૧૨માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલા હોય તેવા તેજસ્વી તારલાએ તા. ૧૪મી જુન સુધીમાં સેકટરના કાર્યવાહક સમિતિના સભ્યોને અથવા પ્રમુખ જયંતભાઈ જી. ભટ્ટ પ્લોટ નં. ૧૨૪૨/૨, સુમંતભાઈ શાહ પ્લોટ નં. ૧૨૫૫/૧, કાન્તિભાઈ પટેલ પ્લોટ નં. ૧૨૯૦/૧, ભકિતભાઈ કારીયા પ્લોટ નં. ૧૩૧૪/૧, ધીરેનભાઈ શાહ પ્લોટ નં. ૧૩૪૫/૨ ને બે નકલોમાં ગુણપત્રો સમયસર પહોંચાડવા સંસ્થાના પ્રમુખ જયંતભાઈ જી. ભટ્ટે જણાવ્યું છે. પારિતોષિક વિતરણ સમારંભ જુન માસના આખરી દિવસોમાં યોજાનાર છે.

## ગાંધીનગરમાં ગેમી અને જીપીસીબી દ્વારા પર્યાવરણ રીસર્ચ મીટનું આયોજન

ગાંધીનગર, તા. ૨

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન(ગેમી) અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તા.૫મી જૂન-૨૦૧૭ના રોજ વિશ્વ પર્યાવરણ રીસર્ચ મીટ-૨૦૧૭નો કાર્યક્રમ મહાત્મા મંદીર, ગાંધીનગર ખાતે સવારે ૯-૩૦ કલાકે યોજાશે.

ગેમીના નિયામકશ્રી ડો.સંજય ત્યાગીએ જણાવ્યું છે કે આ પ્રસંગે પર્યાવરણ રાજયમંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા ગેમીની રીસર્ચ પોલીસી ડોકયુમેન્ટ અને ગેમી લેબોરેટરીની વીઝન ડોકયુમેન્ટનું વિમોચાન કરાશે. આ પ્રસંગે વન-પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સંગીતા સિંહ, હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સના વડાશ્રી કુલદીપ ગોયલ, જીપીસીબીના સભ્ય સચિવશ્રી કે.સી. મિસ્ત્રી પ્રાસંગિક પ્રવચનો કરશે.

ગેમીના નિયામકશ્રી ડો. સંજીવ ત્યાગીએ જણાવ્યું છે કે પર્યાવરણ સંશોધન ક્ષેત્રે કામ કરતાં વૈજ્ઞાનિકો, તજજ્ઞો, સંશોધકો એક મંચ પર ભેગા થઈને વિચાર વિમર્શ દ્વારા સમસ્યાઓ અને ભવિષ્યના પડકારો તેમજ ટેકનોલોજીનો ઉપયોગ જેવા અનેક પાસાઓ અને ભવિષ્યના પડકારો તેમજ ટેકનોલોજીનો ઉપયોગ જેવા અનેક વિષયો ઉપર વિચાર ગોષ્ટી થશે.

આ પર્યાવરણીય મીટમાં કલાઈમેટ ચેન્જ, નેનો ટેકનોલોજી, બાયો સેન્સરર્સ, બાયો-મોનીટરીંગ, પર્યાવરણ ક્ષેત્રે અને એન્વાયરોમેન્ટ ગવર્નન્સ અંગે ટેકનીકલ ચાર સત્રમાં ચર્ચા-પ્રતિભાવો અને મૂલ્યાંકન અંગે વિચારોનું આદાન-પ્રદાન થશે. આ મીટમાં ૫૦૦ થી વધુ લોકો લાભ લેશે.



ગાંધીનગરની સુવિખ્યાત મધુર ડેરી ખાતે ખોડિયાર માતાના મંદિરે ખોડિયાર જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત ધાર્મિક પ્રસંગમાં મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા સહિત ડિરેકટર્સ અને ડેરીના અગ્રણી કર્મચારીઓ ઉપસ્થિત રહી દર્શનનો ધર્મલાભ લીધો હતો.

## ધો-૧૦ પછી ડિપ્લોમા એન્જિનિયરીંગમાં કારકિર્દી અંગે સેમિનાર

ગાંધીનગર, તા. ૨

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક, સે-૨૨, ગાંધીનગર સંસ્થા દ્વારા ધો-૧૦ પછી ડિપ્લોમા એન્જિનિયરીંગમાં કારકિર્દી અંગેની માહિતી આપતા સેમિનારનું આયોજન તા. ૩-૬-૨૦૧૭, શનિવારે સવારે ૯.૦૦ વાગે રાખવામાં આવેલ છે. પ્રો. એમ.એમ. ભાવસાર (પૂર્વ મેમ્બર સેક્રેટરી, ડિપ્લોમા એડમિશન કમિટી) દ્વારા ડિપ્લોમા એન્જિનિયરીંગ શા માટે ? અને તેના ભવિષ્ય વિષે માહિતી તેમજ સ્ટાર્ટ અપ અને મેક-ઈન ઈન્ડિયા જેવા સરકારના આયોજનમાં એન્જિનિયરીંગના ભાવિ વિષે માહિતી આપવામાં આવશે તો ધો-૧૦ પાસ વિદ્યાર્થી વાલીઓએ કાર્યક્રમનો લાભ લેવા સ્વામિનારાયણ સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

### આઈ લવ માય ગાંધીનગર



**સુદીપ પરમાર**
**વિદ્યાર્થી**

**ગાંધીનગર ગમે**
સ્વચ્છતા, સુંદરતા, હરિયાળી અને અનેકવિધ પ્રવૃત્તિઓના ધમધમાટને કારણે ગાંધીનગર શહેર ખૂબ ગમે છે.

**નગરજનો**
શિક્ષિત અને આદર્શ કહી શકાય એવાં નગરજનો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કલા, સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે.
જુનિયર સિટિઝન કાઉન્સિલ, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા, ગ્રો ફાઉન્ડેશન, પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમેન્ટ અને જી ઈ ક્લબ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
યુવાઓ નગરસેવામાં ને સમાજસેવામાં ભાગ લે તો સોનામાં સુગંધ ભળી જાય એવું લાગે છે.

**નગર માટે હું કરી શકું**
કલા પ્રવૃત્તિ, વ્યક્તિત્વ વિકાસ અને યુવા કાર્યક્રમો માટે મારું પૂર્ણ યોગદાન આપવા હું તત્પર છું.

## વેસ્ટર્ન પરિવારનું ગૌરવ



અમૃતસર ખાતે યોજાયેલ અખિલ ભારતીય ગ્રામીણ રમતોત્સવમાં બોક્ષીંગમાં ગાંધીનગરની યુવતી શમા રાઠોડે ગોલ્ડ મેડલ મેળવી ગાંધીનગર શહેર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના જાણીતા ઉદ્યોગ ગૃહ વેસ્ટર્ન એગ્રી સીડસમાં પચ્ચીસ વર્ષથી ગોડાઉન કીપર તરીકે સેવા આપતા નટવરસિંહ રાઠોડની દિકરી શમાની સફળતાને વેસ્ટર્ન પરિવાર તથા મેનેજીંગ ડીરેકટરશ્રી એન.પી. પટેલે બિરદાવી હતી.

## સિવિલમાં બીપી, ઈન્સ્યુલીન, એસીડીટી સહિતની દવાઓની અછત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર હોસ્પિટલમાં એક પછી એક સમસ્યાઓમાં વધારો થઈ રહ્યો છે. જેમાં સીટીસ્કેન મશીન તો એક વર્ષ ઉપરાંત સમયગાળાથી બંધ છે. જયારે એકસ-રે મશીન પણ ડચકા ખાઈને ચાલી રહ્યું છે. તેવા સંજોગોમાં દર્દીઓને મળતી પ્રાથમિક રોગની દવાઓ પણ હવે ખુટી ગઈ છે. જેથી દર્દીઓને ફેરો ફોગટ જાય છે અને ખાનગી મેડીકલમાંથી મોંઘીદાટ દવાઓ ખરીદવાનો વારો આવે છે. અત્યારે હાલમાં જે દવાઓ છે તેનો સ્ટોક જુલાઈ માસ સુધીમાં પુરો કરવાનો છે અને ત્યારબાદ નવા સ્ટોક માટે દવાઓનું લીસ્ટ આરોગ્ય તંત્ર સમક્ષ મોકલી આપવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાંથી રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. જીએમઈઆરએસ સંચાલિત પાટનગરની હોસ્પિટલ દર્દીઓ માટે આશિર્વાદરુપ સમાન સાબિત થઈ રહી છે. ત્યારે દર્દીઓથી ઓપીડી અને ઈન્ડોર વિભાગ ઉભરાઈ રહ્યો છે. વોર્ડમાં નીચે પથારી કરવી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે બીજીતરફ હોસ્પિટલમાં સમસ્યાઓથી ઘેરાયેલુ રહે છે. એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સિવિલ સંકુલની છે. ત્યારે દર્દીઓને જરુરીયાત મુજબની દવાઓ પણ ઉપલબ્ધ થતી નથી. જેમાં એસીડીટી, લોહી પાતળુ કરવાની, બ્લડ પ્રેશરની દવા, ડાયાબિટીસના ઈન્સ્યુલીન, સહિતની દવાઓ હાજર સ્ટોકમાં છેલ્લા ઘણા સમયથી નથી. ત્યારે દર્દીઓને સિવિલમાંથી દવા ન મળતા ખાનગી મેડીકલમાંથી ખરીદવાની જરુરીયાત ઉભી થાય છે. પંડિત દિનદયાળ જન ઔષધિ સ્ટોરમાં પણ દવાઓ હાજર ન હોવાથી દર્દીઓની હાલત કફોડી બને છે. જયારે હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ જે દવાઓ છે તેને જુલાઈ માસ સુધીમાં પુરી કરવાની છે. ત્યારબાદ દવાઓનું નવું લીસ્ટ તૈયાર કરવામાં આવશે અને આરોગ્ય વિભાગમાં મોકલવામાં આવશે ત્યારબાદ દવાનો નવો જથ્થો આવશે. જયારે અત્યારે હાલના સમેય તો દર્દીઓને માત્ર ડોકટર જ મળે છે દવા નહી તેવો ઘાટ ઘડાયો છે.

### એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યા મંદિરનું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૨

સદવિચાર પરિવાર સંચાલિત એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર ઉવારસદ માર્ચ ૨૦૧૭માં લેવાયેલી એસએસસીનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. જયારે એચએસસી (સામાન્ય પ્રવાહ)નું પરિણામ ૯૩.૭૫ ટકા આવ્યું છે ત્યારે શાળા પરિવાર અને સદવિચાર પરિવાર સંચાલક મંડળ દ્વારા દિવ્યાંગ વિદ્યાર્થીઓ આગળ વધે એ માટે હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# વડીલોના જન્મદિને નગરની હોટલો ઉભરાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરની હોટલો ગત્ રાત્રીના રોજ ગ્રાહકોથી ઉભરાઈ હતી.હોટલો બહાર ગ્રાહકોની લાંબી કતારો સર્જાઈ હતી. શહેરની હોટલો પર આવી ભીડ મોટાભાગે તહેવારોમાં જામતી જોવા મળતી હોય છે. પરંતુ તા.૧ જુનના રોજ શહેરમાં હજ્જારો વડીલો, યુવાનોનો જન્મદિન હોવાથી ગરમીમાં રાહત મળતા જ મોડી સાંજે પોતાના પરિવાર સાથે હોટલ તેમજ રેસ્ટોરન્ટમાં ડીનર માટે આવ્યા હતા. જેને પગલે શહેરની હોટલોમાં પણ હેપી બર્થ ડે ના શુર સંભળાતા હતા. ત્યારે ડીનર માટે નાગરીકોના ધસારાને પગલે શહેરની હોટલો પર હાઉસફુલના પાટીયા લટકતા નજરે પડ્યા હતા. શહેરના ઘ-૪ થી ઘ-૫ વિસ્તારમાં આવેલ હોટલો ઉપરાંત ન્યું ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં પણ અનોખો બર્થ ડે નો માહોલ જોવા મળ્યો હતો.

ગાંધીનગર શહેરમાં ઉનાળાની અંગ દઝાડતી ગરમી પડી રહી છે. બપોર થતા જ નગરના માર્ગો સુમસામ થઈ જાય છે. ત્યારે શહેરમાં સવારથી જ અનોખો માહોલ સર્જાયો હતો. ૧ જુનના રોજ યુવાનો, મહિલાઓ, વડિલોના જન્મદિવસ હોવાથી મંદિરમાં પણ ભારે દર્શનાર્થીઓનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. જયારે ગરમીથી કંટાળેલા નાગરીકો સાંજ ઢળે તેની રાહ જોતા બેઠા હોય તેવું લાગી રહ્યું હતું. પોતાના પરિવારમાં માતા-પિતા, દાદા-દાદી, બહેન-ભાઈના જન્મદિન હોવાથી અગાઉથી જ ખાસ આયોજન કરી દીધા હતા. જેથી શહેરની મોટાભાગની હોટલ માલિકોએ પણ બર્થ ડે ની ઉજવણીની પગલે હોટલ સજાવી હતી. શહેરમાં ઘ-૫ ખાણીપીણી બજાર, ઘ-૪ થી ઘ-૫ વિસ્તારમાં આવેલ તમામ હોટલ રેસ્ટોરન્ટ, ઈન્ફોસીટી, રીલાયન્સ ચોકડી સહિત ન્યું ગાંધીનગર વિસ્તારમાં આવેલ તમામ હોટલો પર પોતાના સ્નેહીજનની બર્થ ડે માટે ખાસ આયોજનને પગલે નાગરીકોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. જયારે સામાન્ય દિવસ કરતા ગત રાત્રીએ અન્ય નાગરીકોને ડીનર માટે એક હોટલથી બીજી હોટલમાં વેઈટીંગને પગલે આંટાફેરા મારવા પડ્યા હતા. તહેવારોમાં ન હોય તેટલી ભીડ વડીલોના બર્થ ડે ને પગલે શહેરની હોટલોમાં જામી હતી.

### ચિરવિદાય

- સ્વ. રઈબેન મણીભાઈ નાયી, ઉ.વ. ૬૫
- સ્વ. અરજણજી સોમાજી ઠાકોર, ઉ.વ. ૩૭